# જતન અને તક લક્ષી આયોજન



## ઑન્ટેરિઓના વરિષ્ઠોની સારસંભાળ

આપણા પ્રાંતના વરિષ્ઠોની આજની સંખ્યા 2.4 મિલિયનથી વધીને સાલ 2040 સુધીમાં 4.5 મિલિયન થઈ જવાની ધારણા છે. વરિષ્ઠોની પોતાની ખાસ જરૂરિયાતો હોય છે અને, તેમાંના ઘણાં, પોતાના પરિવારો સહીત, સ્વાસ્થ્ય સંભાળ અને સુખાકારીને લગતા વધારાના ખર્ચાઓને પહોંચી વળવા સંઘર્ષ પણ કરે છે.

વરિષ્ઠોને સ્વસ્થ, સ્વતંત્ર અને સક્રિય જીવન જીવવામાં મદદ કરવા ઑન્ટેરિઓ; ગૃહ અને સામાજિક સેવાઓ વધારી રહ્યું છે, અલગ રહેતા વડીલોને સહાય કરી રહ્યું છે, OHIP+ દ્વારા 65 વર્ષ અને તેનાથી વધુ ઉંમરના દરેક માટે પ્રિસ્ક્રીપ્શન દવાઓ નિશુલ્ક કરી રહ્યું છે, અને હોસ્પિટલ સેવાઓ તથા લાંબા ગાળાની સારસંભાળ માટેની સહાયમાં મૂડીરોકાણ કરી રહ્યું છે.



### 65+ માટે નિશુલ્ક પ્રિસ્ક્રીપ્શન દવાઓ

કોઈ વરિષ્ઠ નાગરિકને ક્યારેય જરૂરી દવાઓ વગર સહન કરવું ન પડે તે સુનિશ્ચિત કરવા, 65 વર્ષ અને તેનાથી ઉપરના દરેક માટે OHIP+ દ્વારા પ્રિસ્ક્રિપ્શન દવાઓ બિલકુલ મફત કરી રહ્યું છે. ઑન્ટેરિઓ ડ્રગ બેનિફિટની વાર્ષિક કપાતપાત્ર આવક અને સહ-ચુકવણી નિર્મૂળ કરી, તે ઑન્ટેરિઓના સરેરાશ વડીલ દીઠ દર વર્ષે 240 ડોલરની બચત કરે છે.



### વધુ ઉત્તમ લાંબાગાળાની સારવાર

જે લોકો હવે વધારે લાંબો સમય સ્વતંત્રપણે રહી શકે તેમ ન હોય તેમને મદદ કરવા આગામી 10 વર્ષો દરમ્યાન 30,000 નવી પથારીઓની સગવડ ઉભી કરી રહ્યું છે - આનાથી જે લોકો તેમની સંભાળ રાખે છે તેમને મનની શાંતિ પ્રદાન કરશે.



### સિનિયર્સ હેલ્ધી હોમ પ્રોગ્રામ

આ નવો કાર્યક્રમ વૃદ્ધો જ્યાં રહેવા માંગતા હોય ત્યાં, ઘરમાં રહેતા વરિષ્ઠો સાથે સંકળાયેલા ખર્ચાઓને માન્યતા આપે છે. તેમને સ્વતંત્ર રીતે રહેવામાં મદદ કરવા અને તેમના ઘરોને જાળવવાના ખર્ચને સરભર કરવા 75 કે તેથી વધુ વયના વરિષ્ઠોની અગ્રીમતા હેઠળના પાત્રતા ધરાવતા પરિવારો માટે આ કાર્યક્રમ દર વર્ષે 750 ડોલરનો લાભ આપે છે.

## મફત પ્રિસ્ક્રિપ્શન દવાઓની જોગવાઈ માટે

ઑન્ટેરિઓ રાજ્ય:

- કોઈ વરિષ્ઠ નાગરિકને ક્યારેય જરૂરી દવાઓ વગર રહેવું ન પડે તે સુનિશ્ચિત કરવા 65 વર્ષ અને તેનાથી વધુ ઉંમરનાઓ માટે પ્રિસ્ક્રિપ્શન દવાઓ OHIP+ દ્વારા તદ્દન મફત કરી રહ્યું છે. ઑન્ટેરિઓ ડ્રગ બેનિફિટની વાર્ષિક કપાતો અને સહ-ચુકવણી નિર્મૂળ કરવાથી, તે ઑન્ટેરિઓના સરેરાશ વરિષ્ઠ દીઠ દર વર્ષે 240 ડોલરની બચત કરે છે. OHIP+ નું આ વિસ્તરણ 2017 ના ઑન્ટેરિઓના અંદાજપત્રમાં 25 વર્ષથી ઓછી ઉંમરના દરેક માટે મફત પ્રિસ્ક્રિપ્શનો વિષે દાખલ કરેલી રજૂઆતને અનુસરે છે. આ વિસ્તરણથી દર બે ઑન્ટેરિયનોમાંથી એકને, એટલે કે લગભગ 6.4 મિલિયન લોકોને હવે પ્રિસ્ક્રિપ્શન દવાઓ મફત મળશે.
- OHIP + ના વીમા હેઠળ 4,400 પ્રિસ્ક્રીપ્શન દવાઓ, જેવી કે હાઈ કોલેસ્ટેરોલ, હાયપરટેન્શન (બ્લડ પ્રેશર), થાઇરોઇડની સ્થિતિ, ડાયાબિટીસ અને અસ્થમા માટેની દવાઓને આવરી રહ્યું છે.

## સિનિયર્સ હેલ્ધી હોમ પ્રોગ્રામ

ઑન્ટેરિઓ રાજ્ય:

- નવો સિનિયર્સ હેલ્ધી હોમ પ્રોગ્રામ દાખલ કરી રહ્યું છે. આ કાર્યક્રમ વૃદ્ધો જ્યાં રહેવા માંગતા હોય ત્યાં, ઘરમાં રહેતા વરિષ્ઠો સાથે સંકળાયેલા ખર્ચાઓને માન્યતા આપે છે. તેમને સ્વતંત્ર રીતે રહેવામાં મદદ કરવા અને તેમના ઘરોને જાળવવાના ખર્ચને સરભર કરવા 75 કે તેથી વધુ વયના વરિષ્ઠોની અગ્રીમતા હેઠળના પાત્રતા ધરાવતા પરિવારો માટે આ કાર્યક્રમ દર વર્ષે 750 ડોલરનો લાભ આપે છે.
- જયારે વડીલોની બીમારી અથવા હરવાફરવાની અશક્તિ ને કારણે ઘરની જાળવણી કરવાની પોતાની ક્ષમતા પર અસર થઇ શકે તેમ હોય, એવા સમય માટે પણ તેમના જીવનની ગુણવત્તામાં સુધારો કરી રહ્યું છે.
- કાર્યક્રમને સાકાર કરવા વરિષ્ઠોના વિવિધ જૂથ અને અન્ય હિસ્સેદારો પાસેથી સલાહસૂચનો મેળવી રહ્યું છે, જેમાં 'કયા ચોક્કસ પ્રકારના ખર્ચાઓને પાત્રતા માટે ગણતરીમાં લેવા જોઈએ' જેવી બાબતો પણ સામેલ છે.

## વરિષ્ઠોની વધુ સારસંભાળ માટે

ઑન્ટેરિઓ રાજ્ય:

- જે લોકો હવે વધારે લાંબો સમય સ્વતંત્રપણે રહી શકે તેમ ન હોય તેમને મદદ કરવા માટે આગામી 10 વર્ષો દરમ્યાન-2022 સુધીમાં 5,000 નવી પથારીઓ ઉમેરીને-બીજી 30,000 નવી પથારીઓની સગવડ ઉભી કરી રહ્યું છે અને જેઓ તેમની સંભાળ રાખે છે તેમને મનની શાંતિ પ્રદાન કરી રહ્યું છે. આ નવી પથારીઓની સંખ્યા હાલની 30,000 પથારીઓ જે પુનઃવિકાસિત કરાઈ રહી છે તેમાં ઉમેરો કરે છે.
- છેલ્લા લગભગ એક દાયકામાં જે માત્ર હોસ્પિટલોમાં જ સૌથી મોટું સરકારી મૂડીરોકાણ હોય તેવા - 2018-19માં વધારાના 822 મિલિયન ડોલરના - મૂડીરોકાણથી આરોગ્યસેવા સાનુકુળ કરી, પ્રતીક્ષાગાળો ઘટાડી અને ક્ષમતાની સમસ્યાઓ હાથ ધરી આપણી હોસ્પિટલો સુધારી રહ્યું છે. તદુપરાંત, લોકોને વધુ અને ઝડપી આરોગ્યસેવા પૂરી પાડવા હોસ્પિટલોના નિર્માણ અને નવીનીકરણ પાછળ રાજ્ય અગામી 10 વર્ષો દરમ્યાન આશરે 19 બિલિયન ડોલરનું મૂડીરોકાણ પણ કરી રહ્યું છે.
- લોંગ-ટર્મ કેર હોમમાં દરેક વ્યક્તિ જે દૈનિક સેવા મેળવે છે તેનું પ્રમાણ સરેરાશ ચાર કલાક સુધી વધારી રહ્યું છે.
- તેઓ ક્યાં રહે છે તે ધ્યાનમાં લીધા વિના ચિત્તભ્રમ (dementia) નું નિદાન કરાયેલા નવા 14,000 લોકોની સારવારમાં સુધારો કરી રહ્યું છે.
- આગામી ત્રણ વર્ષો દરમ્યાન 650 મિલિયન ડોલરના મૂડીરોકાણથી હોમ એન્ડ કમ્યુનિટી હેલ્થ કેર અન્વયે સેવાઓની વધુ સાનુકુળતા પૂરી પાડી રહ્યું છે, જેમાં અંગત સહાયસેવા (પર્સનલ સપોર્ટ) ના વધારાના 2.8 મિલિયન કલાકો અને વધારાની 284,000 નર્સિંગ મુલાકાતોનો પણ સમાવેશ થાય છે.

## સીનિયરોને સ્વસ્થ, સક્રિય જીવન જીવવામાં મદદ કરવા

ઑન્ટેરિઓ રાજ્ય:

- વડીલો માટે 150 થી વધુ ભાષાઓમાં એક નવી વન-સ્ટોપ વેબસાઇટ અને 24 કલાક ફોન સેવા સહિત સરકારી સેવાઓનો ઉપયોગ કરવાનું સરળ બનાવી રહ્યું છે.
- સમગ્ર રાજ્યમાં સીનીઅર્સ એક્ટીવ લીવીંગ સેન્ટર્સના નેટવર્કને સહાય આપી અને વિસ્તૃત કરી વડીલોને સક્રિય રહેવા અને પોતાના સમુદાયો સાથે જોડાયેલા રહેવા માટે મદદ કરી રહ્યું છે.
- વડીલોને પોસાય તેવા ઘરો ભાડેથી લેવા માટે, અને ગૃહ તથા સામાજિક સેવા મેળવવા માટે 200 નવી સબસીડી આપી રહ્યું છે.

- સામાજિક સેવાઓ માટે સુધારેલી સાનુકુળતા, અને જાહેર શિક્ષણ તથા સેવા કરનારને તાલીમ પૂરી પાડવામાં સહાયતા આપવા સહીત વડીલોને સતામણીથી બચાવવા પ્રતિકારક ઉપાયો કરવાનું ચાલુ રાખી રહ્યું છે.